# આજે સંત કબીરની જન્મ જયંતિ

## સંત કબીર એક મહાન સંત કવિ હતા. તેમના સાહિત્યનો પ્રભાવ હિન્દુ અને મુસ્લીમ ધર્મમાં તથા સૂફી પંથમાં જોવા મળે છે.

ગાંધીનગર, તા.૩

સંત કબીરની જન્મજયંતી દર વર્ષે જયેષ્ઠ પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. આ વર્ષે કબીરજયંતી ૪ જૂને છે. અરબી ભાષામાં કબીરનો અર્થ 'મહાન' થાય છે. કબીરદાસ ભારતનાં ભક્તિ કાવ્ય પરંપરાનાં મહાનતમ કવિઓમાંના એક હતા. કબીરપંથ, એક ધાર્મિક સમુદાય, જે કબીરનાં સિદ્ધાંતો અને ઉપદેશોને પોતાની જીવન શૈલીનો આધાર માને છે, તેમના મતાનુસાર કબીરનો જન્મ ૧૩૯૮ ઈ.સ.માં થયો અને તેમનું મૃત્યુ ૧૫૧૮ ઈ.સ. માં થયું, અર્થાત કબીર અસાધારણ રુપે ૧૨૦ વર્ષ જીવ્યા હતા. સંત કબીર એક મહાન સંત કવિ હતા. તેમના સાહિત્યનો પ્રભાવ હિન્દુ અને મુસ્લીમ ધર્મમાં તથા સૂફી પંથમાં જોવા મળે છે. લોકવાયકા પ્રમાણે કબીરનો જન્મ વિધવા બ્રાહ્મણીના ગર્ભથી કાશીમાં થયો હતો. લોકલાજને કારણે બ્રાહ્મણીએ એ પુત્રને કાશીના લહરતારા સ્થાને ત્યજી દીધો. ત્યારે વણકર દંપતી નીરુ અને નીમાએ પાલક માતા-પિતા તરીકે કબીરનો ઉછેર કર્યો. સાધુ સંતોનો તો ઘરમાં જમાવડો રહેતો હતો. કબીર સાક્ષર ન હતાં- 'મસિ કાગદ છૂવો નહીં,



કલમ ગહી નહિં હાથ' તેમણે સ્વયં ગ્રંથ નથી લખ્યાં, મોં થી ભાખ્યાં અને તેમના શિષ્યોએ તેને લખી લીધાં તેમના સમસ્ત વિચારોમાં રામનામનો મહિમા પ્રતિધ્વનિત થાય છે. તેઓ એક જ ઈશ્વર ને માનતા હતા અને કર્મકાંડના ઘોર વિરોધી હતા. અવતાર, મૂર્ત્તિ, રોજા, ઈદ, મસ્જિદ, મંદિર આદિને તેઓ માનતા ન હતા. કબીર દાસ જી ની એક વાર્તાનો સંદેશ છે કે, આપણે આપણી ક્ષમતાઓ પર ગર્વ ન કરવો જોઈએ. દરેકની ક્ષમતાઓ અલગ અલગ હોય છે. જ્યારે આપણે આપણી ક્ષમતાનો દુરુપયોગ કરીએ છીએ, જ્યારે આપણને અભિમાન થવા લાગે છે, ત્યારે ક્ષમતા અને જ્ઞાનની અસર ખતમ થઈ જાય છે. જો તમે તમારી ક્ષમતાનો યોગ્ય ઉપયોગ કરશો તો જીવનમાં સુખ અને શાંતિ રહેશે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર મનપાને મિલ્કતવેરા પેટે આજે રૂ. ૫૪ લાખની આવક થઈ છે. છેલ્લા બે દિવસથી મિલ્કતવેરો ભરનારાઓના ધસારામાં ઘટાડો નોંધાયો છે.

●ગાંધીનગર શહેરમાં ગઈકાલે મોડી રાત્રે હળવી બુંદાબાજી પછી ઉકળાટ વધ્યો છે.

●ગાંધીનગર શહેરમાં પેયજળના પુરવઠાની માંગ ચરમસીમાએ પહોંચી છે.

●ગાંધીનગર વસાહત મહામંડળના અગ્રણી તેમજ વિસનગરા નાગર સમાજના વડીલ શ્રેષ્ઠી મયુરભાઈ વ્યાસ આજે હાટકેશ શરણ થયા છે.

●આજે વટસાવત્રિ વ્રતને લઈ શહેરમાં દૂધની માંગમાં પણ વધારો થયો હતો.

●ગાંધીનગરના પ્રભુપુરા ગામે સામાન્ય બાબતે આધેડને કુટુંબી ભાઈ અને તેની પત્નીએ ધમકી આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

●રાયસણ ખાતે પી.ડી.પી.યુ. કોલેજ રોડ ઉપરથી તસ્કરે કેબલવાયર અને લોખંડના સળીયાની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ.

●ગાંધીનગર શહેરની બે હજાર મહિલાઓને નિઃશુલ્ક ધ કેરલ સ્ટોરી ફિલ્મ ધારાસભ્ય રીટાબેન પટેલે બતાવી છે.

●વિદ્યાસહાયક અને શિક્ષકોની જિલ્લા આંતરિક બદલી અંગેનો કાર્યક્રમ જારી કરવામાં આવ્યો છે.

●ધી ગુજરાત ક્રેડિટ સોસાયટીની ૨૪મી વાર્ષિક સાધારણ સભા આજે મહેસાણા ખાતે યોજાઈ હતી.

●ગાંધીનગર નોર્થ પ્રિમીયર લીગમાં મહિલા ક્રિકેટની ફાયનલમાં એચ.ડી. ફિટનેસ જીમનો વિજય થયો છે.

●આજે અડાલજ ત્રિમંદિર નજીક કેનાલમાં કચરો બાળવામાં આવતા વાહન ચાલકોને પરેશાની થઈ હતી તેમજ ધુમાડો પણ અતિશય થયો હતો.

●ગાંધીનગર શહેરમાં શાળાઓમાં નવુ શૈક્ષણિક સત્ર શરૂ થવાની આડે હવે એક દિવસ જ રહેતા વાલીઓની દોડધામ વધી જવા પામી છે.

●જિલ્લામાં આરોગ્યતંત્ર દ્વારા આજે ૧૮૦ થી વધુ સ્થાનો પર સાયક્લોથોન યોજાઈ હતી.

●આ વખતે ગરમીના દિવસો ઓછા રહેતા એ.સી.ના વેચાણમાં થોડોક ઘટાડો જોવા મળ્યો છે.

●ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ તેમજ કર્મચારીઓની પણ પાંખી હાજરી કચેરીઓમાં જોવા મળી હતી.

## શહેરના વરિષ્ઠ સેવાકર્મી મયૂરભાઈ વ્યાસનું ૯૦ વર્ષની વયે નિધન



ગાંધીનગરના સેક્ટર-૭માં રહેતાં વરિષ્ઠ સેવાકર્મી મયુરભાઈ વ્યાસનું આજે ૯૦ વર્ષની ઉંમરે નિધન થવા પામ્યું છે. મયૂરભાઈ વ્યાસે ઘણાં વર્ષો સુધી ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી જેમાં તેમણે શહેરના વિવિધ પ્રશ્નોને વાચા આપવા સાથે ખાસ કરીને કેપિટલ રેલ્વે સ્ટેશનને લગતી રજૂઆતોમાં રેલ્વે વિભાગને મહામંડળ દ્વારા હજારોની સંખ્યામાં લખવામાં આવેલા પત્રોનું લેખનકાર્ય કરવાની સેવા આપી હતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તથા કારોબારી સભ્યોએ તેમના નિધન પર શોક વ્યક્ત કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. સ્વ.મયૂરભાઈ વ્યાસના નિધનથી ગાંધીનગર શહેરે એક જાગૃત સેવાકર્મી નાગરિક ગુમાવ્યો છે.

## શહેરમાં વિવિધ જગ્યાએથી દારૂ પકડાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત જર્જરીત અને અવાવરુ જેવા લાગતા રહેણાંક મકાનની આગળ વાડામાંથી વિદેશી દારૂ બિયરનો જથ્થો વૃક્ષના ઓથા હેઠળ રાખી બુટલેઘર પુષ્કરસિંહ પુનમસિંહ રાજપૂત (ઉં.૨૫,રહે સે-૨૮) વેચાણ કરતો હતો. જેથી પોલીસે સ્થળ પર દરોડો પાડતા આરોપી સ્થળ પરથી મળી આવ્યો હતો. તેને સાથે રાખી તપાસ કરતા જર્જરીત મકાન આગળ આવેલા વાડામાંથી બે મીણીયાની થેલી ઓમાંથી પુંઠાના બે બોકસમાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ અને ૪૮ કવાર્ટર મળી આવ્યા હતા.

જેથી પોલીસે રૂ.૭૬૧૦ કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી સામે પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજીતરફ ગાંધીનગરના વીરા તલાવડી ખાતેથી એક શખ્સ બિયરના પાંચ ટીન સાથે ઝડપાયો હતો.

ડભોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે સમયે બાતમી મળી હતી કે ડભોડા થી વીરા તલાવડી તરફ જતા રોડ પર એક શખ્સ દારૂ લઈને ઉભો છે.

જેને પગલે પોલીસે રેડ કરીને વિરા તલાવડીના ગોવિંદજી હેમતાજી ઠાકોર ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી બિયરના ૫ ટીન મળી આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે ઈન્ફોસીટી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે તેમને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રીલાયન્સ સર્કલ થી શાહપુર સર્કલ તરફ જતા માર્ગ પર એમ.એસ. ઓટો ગેરેજની કેબીનમાંથી પોલીસને વિવિધ બ્રાંડની ૧૪ બોટલ મળી આવી હતી.ગેરેજ માલિક ધોળાકુવા ગામના રાજુ શકરાભાઈ રાવળને પોલીસે પકડી પાડ્યો હતો. જયારે રૂ.૬૨૧૦ની કિંમતની ૧૪ બોટલ દારૂ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી.

સરઢવ ગામ ખેતરમાં એક બોટલ અને બે કવાર્ટર સાથે પોલીસે વિજય વિરમસિંહ દેવડા, વનરાજસિંહ ગોર,ને પકડી પાડ્યા હતા.જયારે દારૂ લેવા માટે આવનાર રવિ ભરત પટેલ તેમજ દારૂની બોટલો આપનાર ધવલ ઠાકોર સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨૧ પોલીસ દ્વારા બોરીજ જુગાર પ્રકરણમાં તોડની ચર્ચા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાંથી દારૂ-જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આદેશ કરવામાં આવે છે. ત્યારે દારૂ-જુગારની પ્રવૃતિઓ કેટલાક પોલીસ કર્મચારીઓ માટે મલાઈ સમાન બની જવા પામી છે. તાજેતરમાં બોરીજ જુગાર પ્રકરણમાં પોલીસ કર્મચારીઓ દ્વારા મોટો તોડ કરવામાં આવ્યો હોવાનું ચર્ચા ચોતરફ ચાલી રહી છે. પોલીસ અધિકારીઓ ખરડાયેલી છબિ સુધારવા માટે દિવસ રાત મહેનત કરી રહ્યા છે.ત્યારે પોલીસ મથકના કેટલાક પોલીસ કર્ચમારીઓ હમ નહી સુધરેગે કહી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. દારૂ-જુગારની પ્રવૃતિઓ ફુલી ફાલી રહી છે. પોલીસ દ્વારા દરોડા પાડી જુગારીઓ તેમજ બુટલેગરોને પકડી જેલના સળીયા પાછળ ધકેલાય છે. ત્યારે બોરીજ તોડ પ્રકરણમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. જો પોલીસ તંત્ર દ્વારા તટસ્થ તપાસ થાય તો સત્ય બહાર આવી શકે છે. બાકી હાલ તો શહેરમાં બોરીજ જુગાર પ્રકરણમાં મોટો તોડ થયાની ચર્ચાએ જોર પકડયું છે.

## શહેરમાં કુદરતી તળાવો પુરવાના કારસા સામે પ્રકૃતિચિંતકોની લાલ આંખ...!!!

### "પ્રકૃતિ રક્ષા અભિયાન" અંતર્ગત મેયર અને મ્યુ. કમિશનરને આવેદન પત્ર આપી તળાવો રક્ષિત કરવા માંગ કરી : પીએમઓ પોર્ટલથી માંડીને કેન્દ્રીય ગૃહમંત્રી-સાંસદ સુધી રજુઆત





ગાંધીનગર, તા. ૦૩

છેલ્લાં કેટલાંક દિવસથી શહેરના કુદરતી તળાવોમાં બાંધકામનો કાટમાળ નાંખીને પુરી દેવાની ચાલી રહેલી પ્રવૃત્તિ સામે શહેરના પ્રકૃતિ ચિંતકોએ ચિંતા વ્યક્ત કરવા સાથે રોષ વ્યક્ત કર્યો છે. આજે પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ શહેરના પ્રકૃતિ ચિંતકો દ્વારા ગાંધીનગરમાં સેક્ટર-૪, વાસણા હડમતીયા, વાવોલ સહિતના કુદરતી તળાવોના સંરક્ષણ માટે મેયર હિતેશભાઈ મકવાણા તથા મ્યુનિસિપલ કમિશનર જે.એન.વાઘેલાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. "પ્રકૃતિ રક્ષા અભિયાન" દ્વારા ગાંધીનગરના તમામ કુદરતી તળાવને સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવા , પુરાયેલા તળાવ પાછા ખોદાવવા અને ગાંધીનગરના તમામ તળાવની આસપાસ ફેન્સીંગ કરી યોગ્ય નોટીસ બોર્ડ લગાવવા માંગ કરવામાં આવી છે. આ સાથે આવેદનપત્રની નકલ પીએમઓ પોર્ટલથી માંડીને કેન્દ્રીય ગૃહમંત્રી અને સાંસદ અમિત શાહ, મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર, સ્થાનિક ધારાસભ્ય સહિત વિવિધ કક્ષાએ મોકલવાની તજવીજ કરાઈ છે. પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા આવેદનપત્રમાં જણાવાયું છે કે "ગાંધીનગરનમાં ઘણા કુદરતી તળાવ આવેલ છે, અને એ તળાવોમાં કેટલીક ખાનગી વ્યક્તિઓ અથવા તંત્ર દ્વારા માટી અને ઈમારત બાંધકામનો કચરો નાખીને પુરાણ કરવામાં આવી રહ્યું છે. કુદરતી તળાવોની ઉપયોગની હેતુફેરની ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તા. ૨૮મી મે, ૨૦૨૩ના રોજ "મન કી બાત"માં તળાવના સંરક્ષણ કરવાનું આહવાન કરેલ છે ત્યારે ગાંધીનગર વિસ્તારમાં એની તદ્દન વિપરીત પરિસ્થિતિ છે. ગાંધીનગરમાં સેકટર ૪એ, વાવોલ, ધોળાકુવા, હડમતીયાના કુદરતી તળાવને પુરી નાંખવાથી પ્રધાનમંત્રીના સૂચનનો તદ્દન અનાદર થઈ રહ્યો છે. મનપા દ્વારા અગાઉ પણ પીએમઓ પોર્ટલની ફરિયાદના જવાબમાં આપેલ વચન ખોટું પુરવાર કરવામાં આવ્યું છે. આવા કુદરતી તળાવોનું પુરાણ કરવું, તે યોગ્ય લાગતું નથી. તે કાર્ય પર્યાવરણના સંતુલન માટે જોખમી છે અને આવો વિકાસ આવનારી પેઢી માટે વિનાશક સાબિત થઈ શકે છે. આ સાથે શહેરના પ્રકૃતિ પ્રેમીઓની લાગણીને પણ જાણી જોઈને ઠેસ પંહોચાડવામાં આવી રહી છે.

### શા માટે જરૂરી છે કુદરતી તળાવો?

પ્રકૃતિ રક્ષા અભિયાને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે "પર્યાવરણના જતન માટે કુદરતી તળાવો ખુબ જ મહત્વપૂર્ણ છે, જે વિવિધ પ્રકારના છોડ અને પક્ષી-પ્રાણીઓ માટે ઉપયોગી થવા સાથે આબોહવાને નિયંત્રિત કરવામાં મદદ કરવી, પીવાના પાણીનો સ્ત્રોત પૂરો પાડવાનો, ભુજળ સંચય અને એનું સ્તર જાળવી રાખવું વગેરેનો સમાવેશ થાય છે. આવા તળાવોના પુરાણની પ્રવૃત્તિ મહત્વપૂર્ણ ઈકોસિસ્ટમ અને સંસાધનોનો નાશ જ કરે છે, સાથે સાથે આનાથી જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને પાણીની અછત સહિત અનેક નકારાત્મક પરિણામો આવે છે. તંત્રએ કુદરતી તળાવો પૂરવાનું બંધ કરી/કરાવી આવા મૂલ્યવાન સંસાધનોની સુરક્ષા માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## મચ્છરજન્ય મેલેરિયા-ડેન્ગ્યુ રોગોને અટકાવવા સઈજ ખાતે વર્કશોપ યોજાયો

ગાંધીનગર,તા.૦૩

આજ રોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ના સઈજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં





જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી ડૉ. વિક્રમસિંહ સોલંકી (હાલ જિલ્લા મેલેરિયા અધિકારી તેમજ જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી શ્રી - ચાર્જમાં ) ની અધ્યક્ષતામાં અને જિલ્લા SBCC ટીમ ડૉ.નેહલ ગજેરા ની ઉપસ્થિતિ માં સ્ટાફ અને આશાબેનની મીટીંગ રાખવામાં આવી જેમાં આગામી વર્ષોઋતુના અગમચેતી પગલાંના ભાગરૂપે મેલેરિયા,ડેન્ગ્યુ વગેરે મચ્છરજન્ય રોગચાળા અટકાયતી પગલાંઓ વિષે વિગતે માહિતગાર કરવામાં આવ્યા. જૂન માસ એટલે મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. મેલેરિયાના અંત ની શરૂઆત મારા પ્રયત્નથી આ સૂત્ર ને વધારે સક્ષમ કરવા કર્મચારી અને આશા બહેનોને વધારે સંવેદનશીલ કરવા માં આવ્યા સાથે સાથે જનસમુદાયની સક્રિય ભાગીદારી લેવી અને લોકો માં મચ્છર ઉત્પતિ અટકાયતી પગલાં અંગે જાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરવા જણાવ્યું. અને ગ્રામ્ય કક્ષાએ કાર્યરત સરકારશ્રીના વિવિધ વિભાગો સાથે સંકલન કરી તેઓનો પણ સહયોગ મેળવી રોગ અટકાયતી પગલાંઓમાં સઘન અમલીકરણ માટે સૂચન કરવામાં આવ્યું..

### ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગમાં

## મહિલા ક્રિકેટની ફાઈનલમાં એચ. ડી. ફિટનેસ જીમનો ભવ્ય વિજય



ગાંધીનગર,તા.૦૩

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા આયોજિત ૩૬- ધ્ધઁન નાઈટ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૨ મે ના રોજ શરૂ થયેલી મનોરંજનથી ભરપૂર રહેલી ટુર્નામેન્ટ હવે અંતિમ તબક્કામાં પ્રવેશી છે ત્યારે તા.૨ જૂન, શુક્રવારના રોજ યોજાયેલ મહિલા ક્રિકેટની ફાઈનલમાં એચ.ડી. ફિટનેસ જીમ અને ડીજીપી ૧૧ વચ્ચે ટક્કર થઈ હતી જેમાં એચ.ડી. ફિટનેસ જીમે પ્રથમ બેટિંગ કરતાં ૧૦ ઓવરમાં ૧૪૩/૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો જેમાં આશાબેન ચૌધરીએ ૩૬ બોલમાં ૧૧૨ રનનું યોગદાન આપ્યું હતું. જેની સામે ડીજીપી ૧૧ ૫૪/૫ નો સ્કોર કરી શકી હતી. ફાઈનલમાં એચ.ડી. ફિટનેસ જીમનો ૮૯ રને ભવ્ય વિજય થયો હતો. ગાંધીનગરમાં મહિલાઓ માટે આયોજિત ટુર્નામેન્ટને આવકારી બહોળો પ્રતિસાદ આપી ટૂર્નામેન્ટને સફળ બનાવવા બદલ ધારાસભ્ય રીટાબેન પટેલે પ્રત્યેક મહિલા ખેલાડીનો આભાર વ્યક્ત કર્યો છે.

## એસટી ડેપોમાંથી સફાઈ કામદારનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના એસટી ડેપો પ્લેટ ફોર્મ નં.૩ પાસે ખુલ્લી જગ્યામાંથી વાવોલ ભુમિપાર્ક સોસાયટી ખાતે રહેતા ભીખાભાઈ સોલંકી એસટી ડેપોમાં સફાઈ કામદારી તરીકે ફરજ બજાવે છે. તેઓની પાસે વર્ષ ૨૦૧૨ મોડલનું હોન્ડા ડીલક્ષ નં. જી.જે. ૦૧. પી.બી. -૬૯૩૯ હતું. નોકરીએ આવવા જવા માટે તેઓ બાઈકનો ઉપયોગ કરતા હતા.

ગત તા.૧ ના રોજ બપોરે બાર વાગે એસટી ડેપો ખાતે અમદાવાદ જવાના પ્લેટ ફોર્મ નં-પાસે થી થોડા દુર અંતરે બાઈક પાર્ક કર્યું હતું.જયારે સફાઈ કામ બાદ સાંજના ૬ વાગે ભીખાભાઈએ જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી તેઓએ બાઈકની શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. ભીખાભાઈએ રૂ.૨૫ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## એકસીસ બેંકના અધિકારીનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરની એકસીસ બેંક સેકટર-૧૬ શાખામાં એક્જીક્યુટીવ રીલેશનશીપ મેનેજર તરીકે હાર્દિક સોલંકી છેલ્લા દોઢ વર્ષથી ફરજ બજાવે છે. મેનેજર પાસે ડીસ્કવર બાઈક રજીસ્ટ્રર નંબર જી.જે.૦૧.એસ.વી.-૫૨૯૬ હતું. બાઈકની અંદાજીત કિં.૨૫૦૦૦ હજાર ગણી શકાય.ગત તા.૧ જુનના રોજ સવારના સાડા નવ વાગે સેકટર-૧૬ એકસીસ બેંક ખાતે યુવક આવ્યો હતો. બાઈક પાર્ક કરી યુવક ઓફિસમાં ગયો હતો. બપોના આશરે દોઢ પોણા બે વાગ્યાના અરસામાં ચાંદખેડા જવાનું હોવાથી બાઈક પાર્કિંગમાં લેવા જતા ત્યાં બાઈક મળી આવ્યું ન હતું. આસપાસના વિસ્તારમાં પણ બાઈક અંગે શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા પોલીસે અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રભુપુરા ગામે દંપતિએ લાકડા કેમ હટાવ્યા તેમ કહી ઝઘડો કરી ધમકી આપી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના વલાદ પ્રભુપુરા ગામે ટ્રેકટરમાં ઘાસ ભરીને વાડામાં ખાલી કરવા જઈ રહ્યા હતા. તે સમયે દંપતિએ અમારા લાકડા કેમ હટાવ્યા તેમ કહી ગાળાગાળી કરી ઝગડો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.મળતી વિગત મુજબ વલાદ પ્રભુપુરા ગામના કાળાજી વરસંગજી સોલંકી ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે સવારના અગીયાર વાગે ઘરની બાજુના વાડામાં વરસંગજી અને તેમના પત્ની રૂપાબેન બંન્ને જણા ટ્રેકટરમાં ઘાસ ભરી વાડામાં ખાલી કરવા જતા હતા. તે સમયે માર્ગમાં લાકડા પડેલા હટાવતા કૌટુંબીક ભાઈ દિલિપજી બેચરજી સોલંકી તેમના પત્ની મઘીબેન આવ્યા હતા. તે કહેવા લાગ્યા કે અમારી જગ્યામાંથી લાકડા કેમ હટાવ્યા તેમ કહી ગાળો બોલી કહેવા લાગ્યા કે અમારી જગ્યામાં ફરીવાર આવશો તો જીવતા જવા નહી દઈએ. તેમને જાનથી મારી નાંખશું. જેથી બનાવ અંગે ડભોડા પોલીસ મથકે દંપતિ સામે ફરીયાદ નોંધાવી છે.

ટચૂકડી જાહેર ખબર

લગ્ન વિષયક

કલોલ સ્થિત ઉમરેઠ વિશા ખડાયતા જન્મ તા. ૨/૮/૮૧, અરવિંદ મિલ, ખાત્રજ ખાતે નોકરી કરતા યુવક (મિતેષ) માટે પત્ર વ્યવહાર આવકાર્ય.

મો. ૯૯૭૪૯ ૪૦૯૧૫

શાહ પટેલ રશ્મિકાબેન ગોપાલચંદ્ર

મો. ૯૯૦૪૧ ૨૧૯૫૯

મામા-શાહ સુરેશ કાંતિલાલ, ગાંધીનગર -

મો. ૯૯૨૫૫ ૯૫૫૫૯